



# જિન શાસનના મહાપુરૂષોના જીવન પ્રસંગો

# વસ્તુપાલ-તેજપાલ (દાન-સંઘભકિત)



**આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ**

## વસ્તુપાલ-તેજપાલ

### (દાન-સંઘભકિત)

(૧-૨) મહાગુજરાતના મહાઅમાત્ય વસ્તુપાલના નિવાસસ્થાને પ્રતિદિન પાંચસો સાધુઓને સુપાત્રદાન અને પંદરસો સન્યાસીઓને ઉચિત દાન અપાય છે. વસ્તુપાલના ભાઈ તેજપાલનાં ધર્મ પત્ની અનુપમાદેવી એક ઉત્તમ આત્મા હતો, તે જાતે સુપાત્રદાન આપતાં. (૩) શત્રુંજયતીર્થના સંઘમાં સંઘપતિ વસ્તુપાલ સ્વયં યાત્રીઓના સાધર્મિકોના પગ ધોવે છે. જે ધર્મને સમજે તે સાધર્મિકનું મૂલ્ય સમજે, સાધર્મિકની સેવાથી તેનામાં રહેલા ધર્મની સેવા થાય છે અને શાસન પ્રભાવનાનું મહાન કાર્ય થાય છે એમ સમજતા વસ્તુપાલ મહાઅમાત્ય છતાં ભકિતથી સાધર્મિકના પગ ધોતા સંકોચાતા નથી.

(૪) તીર્થયાત્રાનો મહિમા સમજી વસ્તુપાલે શત્રુંજય ગિરિરાજના મોટા તેર સંઘો કાઢયા. (૫) મુખ્ય મુખ્ય શહેરોમાં જ્ઞાનભંડારો કરવા આગમ-શાસ્ત્રો લખાવે છે. (૬-૭) આબુતીર્થ પર કરોડોના ખર્ચે અદ્ભુત કારિગિરી પૂર્ણ ભવ્ય જિનાલય બંધાવ્યું. તેની તુલનામાં આવે એવું કોઈ મંદિર આજની દુનિયામાં નથી. આજે પણ તેની યાત્રા કરનાર તે મંદિરની ભવ્યતા જોઈ મુકત કંઠે પ્રશંસા કરે છે. ક્રોડો રૂપિયાનો વિવિધ પુણ્યકાર્યોમાં ખર્ચ કર્યો, **ધન્ય એ દાનવીરને અને શાસનપ્રભાવકજીવનને!**

# શાલિભદ્રજી





આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

## શાલિભદ્રજી

### (વૈરાગ્ય)

(૧) ભારે પુણ્યશાળી શ્રી શાલિભદ્ર, તેમના પિતા દેવ થયા પછી દિવ્ય ખાનપાન અને વસ્ત્રાભૂષણની ૯૯ પેટીઓ રોજ શાલિભદ્રને મોકલતા. એવાં સુખ ભોગવનાર છતાં એક પ્રસંગે માતાએ કહ્યું કે ‘‘રાજા શ્રેણિક આપણા સ્વામી છે’’ એથી તુર્ત વૈરાગ્ય થયો. દીક્ષા લેવા રોજ એક એક સ્ત્રીને છોડવા લાગ્યા. (૨) શાલિભદ્રની બ્હેન સુભદ્રા ધન્નાજીનાં પત્ની હતાં. તે પતિને સ્નાન કરાવે છે. ભાઈના સ્નેહથી સુભદ્રાને રડતી જાણી ધન્નાજીએ કારણ પૂછયું. સુભદ્રાએ શાલિભદ્રની એક એક પત્નીના ત્યાગની વાત કહી. ધન્નાજી બોલ્યા – ‘‘કાયર છે, છોડવી છે તો એક સાથે કેમ ન છોડે ?’’ સુભદ્રા– ‘‘બોલવું સહેલું, કરવું કઠિન છે.’’ ધન્નાજી તુર્ત બધું છોડી શાલિભદ્રને ત્યાં ગયા. (૩) ધન્નાજીએ કહ્યું, ‘‘શાલિભદ્ર! છોડવું હોય તો એક સાથે છોડો, ચાલો આજે જ દીક્ષા લઈએ.’’ (૪) બન્ને પ્રભુ મહાવીર પાસે ગયા અને દીક્ષા લીધી. ઘોર તપ કરવા લાગ્યા. (૫) શાલિભદ્ર ભિક્ષા લેવા ચાલ્યા, પ્રભુએ કહ્યું ‘‘આજે તમારી માતા ભિક્ષા આપશે,’’ પણ ઘેર જવા છતાં તપથી કૃષ બનેલા તેમને કોઈ ઓળખી ન શકયું, ભિક્ષા વિના પાછા ફરતાં વચ્ચે પૂર્વ ભવની માતા મળ્યાં, તેણે સ્નેહ ઉભરાવાથી દહીં વહોરાવ્યું. (૬) વૈભારગિરિ પર અંતિમ અનશન કરી અનુત્તર વિમાનમાં દેવ થયા. માતા પુત્રના સ્નેહથી શોકાતુર થયાં. રાજા શ્રેણિકે આશ્વાસન અને ધન્યવાદ આપી શાન્ત કર્યાં. **ધન્ય હો મહાત્મા શાલિભદ્રના વૈરાગ્યને !**

# ધન્નાકાકંદી





આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

## ધન્નાકાકંદી
### (ત્યાગ-તપ)

(૧) કાકંદી નગરીમાં ભદ્રા શેઠાણીનો પુત્ર ધન્યકુમાર પૂર્વોપાર્જિત પુણ્યથી બત્રીશ ક્રોડ સોનૈયાનો માલિક હતો, માતાથી નિશ્ચિંત બની બત્રીશ પત્નીઓ સાથે ભોગ-વિલાસમાં મગ્ન રહેતો. (૨) એકદા પ્રભુ મહાવીરના ઉપદેશથી વૈરાગી બની દીક્ષા લીધી. અને જીવતાં સુધી છઠ્ઠ- છઠ્ઠના પારણે આયંબિલનો તપ કરવાની પ્રતિજ્ઞા કરી. કેવું પુણ્ય! ભોગવવા છતાં આસકિત નહિ, છોડતાં લેશ વાર નહિ, ધન સહિત સ્ત્રીઓને છોડી અને શરીરની મમતાને પણ તોડી. (૩) છઠ્ઠના પારણે પણ આયંબિલમાં સૂક્કો લૂખો માખી પણ ન ઈચ્છે તેવો નિરસ-વિરસ વાલ વગેરે આહાર લે છે. (૪) આઠ મહિનામાં તો ધન્નાની કાયા તપથી સૂકાઈ ગઈ. એકદા શ્રેણિકે પૂછવાથી પ્રભુએ ધન્નાજીને નિત્ય ચઢતા ભાવવાળા ચૌદહજાર મુનિઓમાં શ્રેષ્ઠ આરાધક જણાવ્યા. તે સાંભળી રાજા શ્રેણિકે વનમાં જઈ તેઓનું દર્શન-વંદન કર્યું, જીવન કૃતાર્થ કર્યું. નરેન્દ્રો અને દેવેન્દ્રો પણ જેને નમે તે ત્યાગ-વૈરાગ્ય એ જ આત્માનું સાચું ધન છે. ધન્નાજી અંતે વૈરાગગિરિ પર એક માસનું અનશન કરી સમાધિથી મરી અનુત્તર વિમાનમાં દેવ થયા. **ધન્ય એ ધન્ના અણગારને! ક્રોડો પ્રણામ તેઓના ત્યાગને, તપને અને વૈરાગ્યને!!**

# પુણીયો શ્રાવક



આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

## પુણીયો શ્રાવક

### (સંતોષ-સાધર્મિકભક્તિ)

(૧-૨) રાજગૃહિમાં પુણીયો શ્રાવક, લાભાન્તરાય કર્મનો તીવ્ર ઉદય, રોજ સાડાબાર દોકડાથી વધુ ન મળે, તેથી તે અને તેની ધર્મપત્ની વારા ફરતી એકાન્તર ઉપવાસ કરી રોજ એક સાધર્મિકને જમાડતા. (૩) પ્રતિદિન નિર્ધનપ્રાયઃ છતાં જિનપૂજા કરતા અને અલ્પધન છતાં સંતોષથી રહેતા. એટલું જ નહિ, ‘‘સંતોષ એ આત્માનું સાચું ધન છે,’’ એમ સમજી ધર્મધ્યાનમાં મગ્ન રહેતા અને સમાધિપૂર્વક સામાયિક કરતા. (૪) એકદા શ્રેણિકે પ્રભુ મહાવીરને પોતાની નરક તોડવાનો ઉપાય પૂછયો, પ્રભુએ કહ્યું-‘‘પુણીયા શ્રાવક પાસેથી તેના સામાયિકનું ફળ મેળવે તો તારી નરક તૂટે.’’ (૫) શ્રેણિકે પુણીયા પાસે જઈ એક સામાયિકનું ફળ માગ્યું. પુણીઆએ કહ્યું-પૈસાથી તે નહિ મળે, પ્રભુને સામાયિકનું મૂલ્ય પૂછી જુઓ! પ્રભુએ કહ્યું - ‘‘સમગ્ર રાજ્યલક્ષ્મીથી પણ તેના સામાયિકનું મૂલ્ય અધિક છે, કારણ કે રાજ્યલક્ષ્મી જડ છે, નાશવંત છે, **સામાયિક આત્મધર્મ છે, આત્માનું સ્વરૂપ છે,** તેની તુલના જડવસ્તુ સાથે શી રીતે થાય ?’’ આવી નિર્ધનતામાં પણ કેવી સમાધિ! **ધન્ય પુણીયાને, તેના સામાયિકને, તેના સંતોષને અને તેની સમતાને!**

# મેઘકુમાર






## મેઘકુમાર
### (જીવદયા)

(૧) શ્રણિકનો પુત્ર મેઘકુમાર પૂર્વ જન્મમાં હાથી હતો, દાવાનળના ભયથી બચવા જંગલનાં તૃણ-ઘાસ ઉખેડીને તેણે અમુક જમીન સાફ કરી. એકદા દાવાનળ સળગવાથી નાસીને તે હાથી ત્યાં આવ્યો અને જંગલનાં બીજાં પશુઓ પણ ત્યાં આવી એ જમીનમાં ભરાઈ ગયાં. પછી હાથીએ શરીર ખંજવાળવા પગ ઊંચો કર્યો ત્યારે ખાલી પડેલી તે પગની જમીનમાં સંકડામણથી પીડાતું એક સસલું આવીને ભરાઈ ગયું. તેની રક્ષા માટે હાથીએ પોતાનો પગ ઊંચો જ રાખ્યો, ત્રણ પગે ઊભો રહ્યો. (૨) અઢી દિવસ ઊંચો રાખેલો પગ અકડાઈ જવાથી પશુઓના ગયા પછી પગને નીચો મૂકતાં હાથી પડી ગયો, ઊભો ન થઈ શકયો અને ભૂખ-તરસથી પીડાઈને મરણ પામ્યો. (૩) સસલાની દયાના ફળ સ્વરૂપે તે મગધરાજ શ્રેણિકનો પુત્ર મેઘકુમાર થયો. ભગવાન મહાવીરના ઉપદેશથી વૈરાગી થયો. શ્રેણિકે રાજગાદી આપવા કહ્યું ત્યારે રજોહરણ અને પાત્રા માગ્યાં (૪) રાજ્ય તજીને પ્રભુ પાસે દીક્ષા લીધી. (૫-૬) પ્રભુની પાસે પૂર્વભવ સાંભળી, પૂર્વભવની દયાનું પ્રત્યક્ષ ફળ જોઈ શરીરની પણ મમતા છોડી અને અનશન સ્વીકાર્યું. શુભધ્યાન પૂર્વક મરીને અનુત્તરમાં દેવ થયા. **ધન્ય મેઘકુમાર!**

# સંપ્રતિ સમ્રાટ્




આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

## સંપ્રતિ સમ્રાટ્
### (જિનેન્દ્ર ભકિત)

(૧) સમ્રાટ્ સંપ્રતિ પૂર્વજન્મમાં ક્ષુધાપીડિત એક ભિખારી હતો. સાધુઓ પાસે આહાર જોઈ ખાવા માગ્યું. સાધુઓએ કહ્યું - ‘‘આ ભિક્ષા પર અધિકાર અમારા ગુરૂનો છે,’’ તેથી તે ગુરૂ પાસે આવ્યો. (૨) ત્યાં ગુરૂશ્રી આર્યસુહસ્તિસૂરિએ તેની યોગ્યતા જ્ઞાનથી જાણી દીક્ષા આપી. પછી તેની ઈચ્છા પ્રમાણે ખાવા આપ્યું. રાત્રે અજીર્ણથી ઝાડા-ઉલટી થવા લાગ્યાં, સાધુઓએ સેવા કરી. ચારિત્રના મહિમાની અનુમોદના કરતાં તે મૃત્યુ પામ્યો. (૩) તે રાજા અશોકનો પોતરો (પૌત્ર) નામે સંપ્રતિ, ઉજજયિનીનો રાજા થયો. એકદા ત્યાં આવેલા પૂર્વભવના ગુરૂને જોઈ પૂર્વભવનું જ્ઞાન થયું. કૃતજ્ઞતાથી ગુરૂના ચરણમાં નમી પડયો અને ઉપકારના ઋણમાં રાજય લેવા ગુરૂને વિનવ્યા. ગુરૂએ કહ્યું - ’’સાધુને રાજ્ય ન કલ્પે, તું આ રાજ્યલક્ષ્મીથી શાસનની પ્રભાવના કર!’’ (૪) તેથી સમ્રાટ્ સંપ્રતિએ દાનશાળાઓ ખોલી. (૫) જિન મંદિરો બંધાવવા માંડયાં, નિત્ય નવામંદિરના પ્રારંભના શુભ સમાચાર આપનારને સંપ્રતિ ઝવેરાતનું પણ દાન આપતા. (૬) મંદિરો અને મૂર્તિઓ તૈયાર થાય છે. (૭) સવા લાખ જિનમંદિરો અને સવાક્રોડ જિનપ્રતિમાઓનું નિર્માણ કર્યું. આજે પણ તે પ્રતિમાઓ ઠેર ઠેર પૂજાય છે. **ધન્ય શાસનપ્રભાવક સમ્રાટ્ સંપ્રતિને અને તેની દેવ-ગુરૂ ભકિતને !**

# ચક્રી સનત્કુમાર




આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

## ચક્રી સનત્કુમાર
### (સમ્યક્ત્વ)

(૧) ચક્રી સનત્ પૂર્વજન્મમાં દૃઢસમકિતી શ્રાવક હતો. મિથ્યાદૃષ્ટિ એક તાપસનું સન્માન ન કરવાથી ગુસ્સે થયેલો તાપસ પોતાના ભક્ત રાજા દ્વારા તેથી પીઠ ઉપર અતિઉષ્ણ ભોજન મૂકાવી જમ્યો. સનત્ના જીવને ઘણી પીડા થઈ, પીઠ પર ફોલ્લા પડયા. (૨) નાશવંત સુખ અને શરીરનો મોહ છોડી તે શ્રાવકે અનશન કર્યું અને પ્રત્યેક દિશામાં પંદર-પંદર દિવસ ધ્યાન ધર્યું. માંસાહારી પક્ષીઓ તેની પીઠનું માંસ ખાતા રહ્યા, પણ તેણે સમતા ન છોડી. (૩) સમાધિથી મરીને તે શ્રાવક દેવોનો ઈન્દ્ર થયો. (૪) પછી તે સનત્કુમાર નામે અતિ સૌંદર્યવાન ચક્રી થયા. રૂપ જોવા બ્રાહ્મણ વેશે આવેલા બે દેવો ચક્રીનું રૂપ જોઈ આશ્ચર્ય પામ્યા. ચક્રીને રૂપનો ગર્વ થયો. તેથી દેવોને પોતાનું શણગારેલું રૂપ જોવા દરબારમાં આવવા કહ્યું. (૫) ત્યાં બ્રાહ્મણવેશે દેવોએ ચક્રીના શરીરને સોળ રોગથી ઘેરાયેલું જોઈ મોં બગાડયું. ચક્રીએ પૂછવાથી દેવોએ કહ્યું 'હે કૂડીકાયાવાળા રોગી, તું અભિમાન ન કર!' તુર્ત ચક્રીએ થૂંકદાનીમાં થૂંકીને જોવાથી રોગોત્પત્તિ જાણી. (૬) વૈરાગ્યથી તુર્ત દીક્ષા લીધી. સ્નેહથી છ મહીના સુધી પરિવારે પાછળ ફરી કરુણ વિનંતિ કરી. પણ દ્રઢવિરાગી ચક્રીએ તેમની સામે પણ ન જોયું. (૭) સાતસો વર્ષ રોગપીડીત શરીરથી ઊગ્ર તપ કર્યા, ધાતુઓ રોગ નાશક બન્યા. પુનઃ તે દેવો વૈદ્યના વેશે ઔષધ કરવા આવ્યા. મહામુનિએ પોતાના થૂંકથી આંગળીના કોઢનો નાશ કરી આંગળીનું સૌંદર્ય બતાવ્યું-દેવો તપલબ્ધિથી આશ્ચર્ય પામી સ્વરૂપે પ્રગટ થઈ નમી પડયા. મુનિએ કહ્યું-''રોગ તો કર્મનાશક મિત્ર છે, તેને રોકવો શા માટે?'' એક લાખ વર્ષ સંગમ પાળી કલ્યાણ સાધ્યું. ધન્ય દ્રઢતા!

# મહાસતી સીતાજી





આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

## મહાસતી સીતાજી
### (શીયળમહિમા)

(૧) રાવણ સીતાજીનું અપહરણ કરાવીને ભોગ માટે મનાવે છે, ઝવેરાતની લાલચો આપે છે, મંદોદરી વગેરે રાવણની રાણીઓ પણ સીતાજીની દાસીઓ બનવા તૈયાર થાય છે. પણ સીતાજી રાવણને આંખથી જોવામાં પણ પાપ માને છે. **ધન્ય સતી પણું!** (૨) લંકાને જીત્યા બાદ અયોધ્યામાં આવેલાં સીતાજી ઉપર લોકો કલંક ચઢાવે છે, ત્યારે રામચંદ્રજી કપટથી ગર્ભવતી સીતાનો જંગલમાં ત્યાગ કરાવે છે. ત્યારે સીતાજી સંદેશો મોકલે છે કે ‘‘હે આર્યપુત્ર! લોકોની વાતોથી ભ્રમિત થઈ મને તજી દીધી તેમ વીતરાગના ધર્મનો ત્યાગ કરશો તો મોક્ષ નહિ મળે’’ કેવી પતિભકિત! (૩) સીતાજીના પુત્રો લવ અને કુશ માતાનું પિતાથી અપમાન થયેલું જાણીને રામ-લક્ષ્મણની સાથે યુધ્ધ કરે છે. રામ તેમને અજેય જાણી ચકિત થાય છે અને પછી પોતાના પુત્રો જાણી પ્રસન્ન થાય છે. લોકોમાં સીતાજીના સતીપણાની ખાત્રી કરાવવા રામ સીતાજીને અગ્નિમાં પ્રવેશ કરાવે છે. શિયળના મહિમાથી અગ્નિકુંડ એ પાણીની વાવ બની જાય છે અને વચ્ચે સુવર્ણકમળ ઉપર સીતાજી બિરાજે છે. (૪) રામ-લક્ષ્મણ અને લવ-કુશ સીતાજીને મહેલમાં પધારવા અત્યંત આગ્રહ કરે છે, પણ કર્મની વિષમતા અને સ્નેહની અનિત્યતા જાણી કર્મક્ષય માટે દીક્ષા લેતાં સીતાજી કેશનો લોચ કરે છે, તે જોઈ રામચંદ્રજી મૂર્છા પામે છે. (૫) સિંહ સમા બે પુત્રોનો, પતિનો, મહારાણી પદનો ત્યાગ કરી દીક્ષિત થયેલાં સીતાજી તપ-સંયમનું પાલન કરી બારમા દેવલોકમાં ઈન્દ્ર બને છે. **ધન્ય સીતાજી!**

# કામવિજેતા મહામુનિ સ્થૂલભદ્રજી




## કામવિજેતા મહામુનિ સ્થૂલભદ્રજી

### (કામવિજય)

(૧) બાર વર્ષથી કોશા વેશ્યાને ત્યાં રહેલા સ્થૂલભદ્રને રાજા નંદે મંત્રી બનાવવા મુદ્રા આપવા માંડી, ત્યારે સ્થૂલભદ્રે કહ્યું ‘‘વિચાર કરીને લઈશ’’. રાજા ત્યાં જ વિચારવા કહે છે. (૨) સ્થૂલભદ્રજી મંત્રીપદમાં સંસારનું બંધન સમજી વિરાગથી ત્યાં જ સ્વયં મુનિ બન્યા અને (૩) સાધુવેશે ‘‘ધર્મલાભ’’ આપી ચાલી નીકળ્યા. રાજાએ પરીક્ષા કરી, સાચા વૈરાગી જાણી આશ્ચર્ય થયું. સ્થૂલભદ્રજીએ આર્યસંભૂતિ ગુરુ પાસે વિધિપૂર્વક દીક્ષા લીધી. (૪) આર્ય ભદ્રબાહુ પાસે ૧૪ પૂર્વો ભણ્યા અને કામનો વિજય કરવા ગુરુ આજ્ઞા લઈ પૂર્વ પરિચિત કોશા વેશ્યાના રંગ મહેલમાં ચોમાસું રહ્યા. રાગી વેશ્યા વિવિધ હાવભાવ, નાચગાન અને ષડ્રસ ભોજનથી સ્થૂલભદ્રજીને લલચાવે છે. આખર નિરાશ બનો છે (૫) સ્થૂલભદ્રમુનિની વ્રતની દૃઢતા જોઈ વેશ્યા તેમના ઉપદેશથી બાર વ્રતધારી મહાશ્રાવિકા બને છે. (૬) સિંહગુફાના દ્વારે ચાર માસ ચૌવિહારા ઉપવાસથી ચોમાસુ કરનાર મુનિ, (૭) સર્પના દર પાસે ચારમાસ ચૌવિહારા ઉપવાસથી ચોમાસુ કરનાર મુનિ. (૮) કુવાના કાષ્ટ ઉપર ચાર માસ ચૌવિહારા ઉપવાસ કરનાર મુનિ. (૯) ચોમાસું પૂર્ણ થતાં ચારે મહાત્માઓ ગુરુના ચરણમાં હાજર થયા ત્યારે ગુરુએ ત્રણને ‘દુષ્કર કારક’ કહી સત્કાર્યા અને સ્થૂલભદ્રજીને ‘દુષ્કર દુષ્કર કારક’ કહી સત્કાર્યા. **જેનું નામ ૮૪ ચોવિશી સુધી અમર રહેશે તે મહાત્મા સ્થૂલભદ્રજીને કોટિ કોટિ પ્રણામ !**

આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

# દાનવીર જગડુશાહ



આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

## દાનવીર જગડુશાહ

### (ઉદારતા)

(૧) વિક્રમની ચૌદમી સદીમાં કચ્છના નરરત્ન જગડુશાહને કોઈ મુનિ ગુજરાતમાં થનારા ભાવિ દુષ્કાળમાં અન્નદાન કરી લક્ષ્મી સફળ કરવા ઉપદેશ કરે છે. મુનિના વચન પ્રતિ અટલ શ્રદ્ધાવાળા જગડુશાહને મુનિનો ઉપદેશ પૂર્ણ સત્ય લાગ્યો, તેથી દુષ્કાળમાં ભૂખપીડિત લોક અન્ન વિના કેવાં ટળવળશે ? તેનું ચિત્ર જગડુશાહના અંતરમાં ખડું થયું. (૨) દુષ્કાળ પડવા પૂર્વે વર્ષો સુધી જગડુશાહે કચ્છ અને ગુજરાતમાં પુષ્કળ અનાજનો સંગ્રહ કરાવ્યો અને દુષ્કાળમાં ગરીબોને તેનું દાન કર્યું. (૩) તે પ્રસંગે મહાગુજરાતના રાજા વિશળદેવના કોઠારોમાં પણ ધાન્ય ખૂટવા લાગ્યું, તેથી તેણે જગડુશાહ પાસે અનાજની માગણી કરી, પણ ''આ અનાજ ગરીબો માટે છે'' એ જગડુશાહનું કથન જાણી રાજા આશ્ચર્ય પામ્યો અને જગડુશાહની ઉદારતા, માનવપ્રેમ, નિરભિમાનતા, વગેરે ગુણો જોઈ પ્રસન્ન થયો. (૪) પછી ઔચિત્યના સાગર જગડુશાહે કચ્છના અન્નકોઠારમાંથી રાજાને અન્ન આપ્યું. દાન એ ધર્મનો પાયો છે, તેમાં પણ અન્નદાન વૈરીને વ્હાલા બનાવે છે. સેંકડો વર્ષો થવા છતાં જેનું નામ આજે પણ લોકોની જીભે ગવાઈ રહ્યું છે તે દાનવીર જગડુશાહને ક્રોડો ધન્યવાદ.

# મહાત્મા ગજસુકુમાલ (ક્ષમા)




## મહાત્મા ગજસુકુમાલ (ક્ષમા)

(૧) ગજસુકુમાલના પિતા વસુદેવજી, માતા દેવકી, ભાઈ કૃષ્ણજી અને બીજા અનેક સામંત રાજાઓ વિગેરે સ્નેહથી આતુર નયને ગજસુકુમાલની રાહ જોતા બેઠા છે. તેટલામાં સહેલગાહથી પાછા આવતા ગજસુકુમાલને જોઈ સૌ આનંદમાં આવી ગયા. કેટલું સન્માન! કેટલો વૈભવ! નથી કોઈ સંસારની મુશીબતનું નામ નિશાન! (૨) ગજસુકુમાલની સગાઈ થઈ ચૂકી હતી. પણ ભગવાન શ્રી નેમિનાથના ઉપદેશથી તેઓ વિરાગી થયા અને દીક્ષા લીધી. ધન્ય વૈરાગ્ય! (૩) દીક્ષા પછી નેમિનાથ પ્રભુની આજ્ઞા લઈને તેઓ સ્મશાનમાં જઈ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. ગજસુકુમાલનો સસરો સોમિલ ક્રોધથી જમાઈના માથા ઉપર ભીની માટીની પાળ બાંધીને તેમાં સ્મશાનના સળગતા અંગારા ભરે છે. પણ મુનિ સમતાનું શરણ લઈ **''બળે છે તે શરીર મારું નથી, અને મારું જે છે તે બળતું નથી''** એવી ભાવનાએ ચઢયા. વળી હાલવાથી અંગારા નીચે પડે તો કોઈ જીવ બળી જાય એ વિચારથી સ્થિર ઉભા રહ્યા અને આવી પાઘ બંધાવનાર સસરાને કર્મ ખપાવવામાં સહાયક માની શુભ પરિણામે મરી મુક્તિને પામ્યા. (૪) સવારે કૃષ્ણજી પ્રભુ પાસે ગયા, ''ગજસુકુમાલ કયાં છે?'' એમ પુછયું, પ્રભુએ કહ્યું - ''તમને શહેરમાં જતાં દરવાજે જે મળશે તેની સહાયથી ગજસુકુમાલ મુક્તિને પામ્યા'' એ સાંભળી કૃષ્ણજી મુનિઘાતકને શિક્ષા કરવા તુર્ત શહેર તરફ ચાલ્યા. (૫) દરવાજામાં જ કૃષ્ણને સામે આવતા જોઈ સોમિલનું હૃદય ભયથી બંધ પડી ગયું. પાપી પોતાના પાપે મર્યો.

આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

# જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી અને બાદશાહ અક્કબર




## જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી અને બાદશાહ અક્કબર

### (અમારી પાલન)

(૧) દિલ્હીમાં ચંપા નામે શ્રાવિકા છ મહિનાના ઉપવાસ દેવગુરુના ધ્યાનથી પૂર્ણ કરી ચૂકી છે, એ વાત બાદશાહ અક્કબરે જાણી. તપથી પ્રભાવિત થઈ ચંપાને પૂછ્યું- ‘‘આટલા ઉપવાસ કેમ કરી શકાયા ?’’ ચંપાએ કહ્યું - ‘‘દેવાધિદેવ શ્રી અરિહંત અનો ગુરુદેવ શ્રી વિજય હીરસૂરિશ્વારજીની કૃપાથી થયા’’. અક્કબરને ગુરુદેવના દર્શનની ઉત્કંઠા જાગી. (૨) બાદશાહના આમંત્રણથી આચાર્યદેવ ગુજરાતથી પગે ચાલી દીલ્હી પધાર્યા. બાદશાહે મહોત્સવથી નગર પ્રવેશ કરાવ્યો, રાજમહેલમાં જતાં નીચે પાથરેલો ગાલિચો જોઈ અટકયા. અટકવાનું કારણ પૂછતાં કહ્યું કે ગાલિચા નીચે કોઈ જીવો હોય તો મરી જાય માટે ગાલિચા ઉપર ચાલવાનો અમારો ધર્મ નથી. બાદશાહે શ્રદ્ધા નહિ છતાં ગાલિચો ઉપડાવ્યો, નીચે કીડીઓ જોઈ બાદશાહ ગુરુના જ્ઞાનથી પ્રભાવિત થયો. (૩) કંઈ માગવા કહ્યું, ત્યારે ગુરુદેવે સમગ્ર ભારતમાં પર્યુષણના દિવસોમાં અહિંસા પળાવવાનું માગ્યું, તેથી મોગલ સમ્રાટ્ અક્કબરે રાજયની મુદ્રાવાળાં અહિંસાનાં ફરમાન લખાવી ગુરુદેવને ભેટ કર્યા. (૪) માંસાહારી અક્કબરને રોજ ચકલાની સવાશેર જીભો ખાવાનું વ્યસન હતું, તેથી તે ડાબર નામે સરોવરમાં હજારો પક્ષીઓને રખાવતો. ગુરુદેવે જીવદયાનો ઉપદેશ કરવાથી સર્વ પક્ષીઓને છોડી મૂકયાં અને જીવદયા પ્રેમી બન્યો. **ધન્ય ઉપદેશ!** (૫-૬) ગુરુદેવના ઉપદેશથી મોગલ સમ્રાટ શત્રુંજયતીર્થનું મહેસુલ (મુટકું) અને હિંદુઓ ઉપરનો જીજીયાવેરો માફ કરે છે. (૭) ઢંઢેરો પીટાવી હિંસા બંધ કરાવે છે.

આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વર મહારાજ

# अवंति सुकुमाल



आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

## अवंति सुकुमाल!

### (त्याग)

(१) आ. आर्य सुहस्तीजी अश्वशाला में नलिनिगुल्म नाम के अध्ययन का रातको परावर्तन कर रहे हैं। यह अवंतिने सुना, जातिस्मरण ज्ञान हुआ । (२) दीक्षा ली, रात को अनशन कर स्मशान में ध्यानस्थ रहे। वहां पूर्वजन्म की स्त्री जो लोमडी बनी थी पाँव से पेट खाने तक पहुंची. समाधि मरण से मुनि नलिनिगुल्म विमान में गये। उनकी माता और स्त्रियोंनें बहुत रुदन, विलाप किया । (३) वे सब अग्निसंस्कार कर (४) गुरु महाराज के पास आई, वैराग्योपदेश सुन कर (५) दीक्षा ली । (६) एक सगर्भा स्त्री घर में रही, पुत्र हुआ। उसने अवंति के अग्नि-संस्कार के स्थान पर अवंति पार्श्वनाथ का मंदिर बनवाया।

# अतिमुन्तक




## अतिमुन्तक (अइमत्ता)


### (पूर्व संस्कार)

(१) छः साल के अतिमुक्तक गौतम स्वामी को मोदक बेहराते हैं। (२) बाद में साथ जाते हैं, ज्यादा बोझ देखकर पात्रा पकडने को माँगा। गौतम – ''दीक्षा लो तब दीया जाय''। (३) दीक्षा ली। स्थंडिल गये, वहाँ बरसात का बहता पानी देख मिट्टी की पाल बांध कर छोटा पात्रा तिराते बडी खुशी से नाचने कूदने लगे। साधुओं ने ऐसा न करने को कहा। साधु जाकर भग॰ से कहते है ''अप्काय का हिंसक जीवरक्षा कैसे करेगा ? भग॰ ''इसका ऐसा तिरस्कार मत करो, यह तुम से पहले केवली होगा'' यह सुनकर उन्होंने क्षमा माँगी। (४) एक बार स्थंडिल से लौटते वक्त बालकों को पानी में पत्तों की नाव बनाकर तैराते, खेलते देखा। अपनी पहले की जल-क्रीडा याद आने से (५) समयसरण में इरिया-वहिय (पणग, दग, मट्टी॰) बोलते तीव्र पश्चाताप होने से ९ वें वर्ष में केवल ज्ञान और मुक्ति।

## इलाची कुमार



## राजा मुंज



आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

## इलाची कुमार

### (स्वदोषदर्शन)

(१) ब्राह्मण ब्राह्मणीनें दीक्षा ली। ब्राह्मणी शरीर, कपडे की बहुत साफसफाई करते रहने से और जातिमद करने पर भी (२) दोनों ने संयम का फल स्वर्ग सुख पाया (३) तीसरे भव में इलाची कुमार और नर्तकी बने। नाचती नर्तकी को एक दिन देख कुमार मोहित हुआ। माँ-बापने बहुत समझाने पर भी उसके साथ चला और नाचना सीखा। (४) एक नगर में राजा-रानी और बहुत लोगों के आगे पैसे के लिए वह न मिले तब तक नाचता है। नर्तकी पर मोहित राजा दान नहीं देता, वह चाहता है 'यह नाचते हुअे गिर पडे, मर जाय तो नटी मुझे मिले'। नाचते इलाची कुमारने दान देने वाली स्त्री के आगे खडे हुए शांत मुनि को देख अपनी स्त्रीलंपटता का धिक्कार और मुनिकी अविकारिता की प्रशंसा करते केवलज्ञान पाया, देशना दी। पूर्वभव सुनकर नटीने अपने अनर्थ कारक रूपको धिक्कारते हुए ओर राजा-रानी नें भोग-लालसा को धिक्कारते हुए केवल ज्ञान प्राप्त किया।

## राजा मुंज

### (स्त्रीलंपटता)

(१) मुंज राजा ''यह राज ले लेगा'' इस डर से भोज को मरवाता है। भोज का लिख भेजा हुआ राज्य आदि की अनित्यता सूचक श्लोक पढ़कर मुंज भोज को राज्य दे देता है। (२) युद्ध में पराजित मुंज तैलंग राजा का कैदी तथा मृणालवती (तैलंग की बहन) पर अनुरक्त। (३) भोजनें भूमिगृह बनवाकर मुंज को गुप्ततया चले आने का संकेत किया। (४) मुंज नें मृणालवती से और उसनें राजा से बात कह दी। मुंज के हाथ-पांव में जंजीरें डलवाई गई और भीख माँग कर खाने का हुकम हुआ। ''स्त्री के प्रेम में फँसने से मेरी यह दशा हुई, वैसी ही लोगों की समझे।'' इस तरह मुंज लोगों को पुकार-पुकार कर कहता हुआ भीख माँगता है।

# कूरगडु नागदत्त　　　　　मेतार्य



आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

## कूरगडु नागदत्त

(१) भूख सहन न कर सकने से रोज सुबह ही कूरगडु मुनि आहार-पानी करते और साथ के उग्र तपस्वियों की सेवा-भक्ति करते। तपस्वी कूरगडु की निंदा करते। (२) आहार-पानी लाकर गुरुदेव और मुनियों को बताया, उन्होंने तीव्र तिरस्कार किया, थूंका भी। (३) परंतु कूरगडु को तो आहार पानी करते, अपनी निंदा और तपस्वियों की प्रशंसा से केवल ज्ञान हुआ। यह जानकर तपस्वियों ने भी तीव्र पश्चाताप पूर्वक क्षमा माँगी और केवल ज्ञान प्राप्त किया।

## मेतार्य

### (दया, क्षमा)

(१) साधुओं को मारने तक दु:ख देनेवाले भतीजें (राजपुत्र) को इस घोर पाप से बचाने मुनि वहाँ गोचरी गये। दो कुमारों के कहने से मुनि का नाचना। कुमार के बजाने में भूल लाकर दोनों की हड्डियाँ उतार देना। खूब रोने लगे। पीड़ा दूर करने मुनि को राजा की बिनती और 'आराम होते ही दीक्षा लेना'' इस शर्त से ठीक करना। (२) दोनों को दीक्षा दी। पुरोहित-पुत्र साधुपने में मलिनता की बडी घृणा करता और कहता 'संयम (धर्म) अच्छा, मगर महाराज को जबर-दस्ती नहीं करनी चाहियें'' गुरू के इस अनादर से स्वर्ग के बाद भंगी बना और बरसों तक दीक्षा की इच्छा भी नहीं हुई। (३) बलात्कार से भी दीक्षा दिलवाने का अभिवचन देनेवाले देव (राजपुत्र के जीव) ने दीक्षा दिलवाई। सुनार के घर गोचरी गये। सोने के जौ खाते हुये वहाँ एक पक्षी को देखा। परंतु सत्य बात भी मुनि ने ''पक्षी को सुनार जौ के लिये मार डालेगा'' इसलिए नही कही। (४) सुनार नें मेतार्य को चोर मानकर गीले चमडे की रस्सी से उनका सिर बांधकर घर में धूप में बैठा दिया। चमड़ा सूखते जाने से आंखे बाहर निकल पडी, समता से मैतार्य को केवलज्ञान हुआ।

# जंबू स्वामी



आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

## जंबू स्वामी
### (दाक्षिण्य)

(१) भवदेव (जंबू० का जीव) को भाई गुरु के पास ले आए और ''इन को दीक्षा लेनी है'' ऐसा उन की इच्छा बिना ही कह दिया, (२) दाक्षिण्य (भाई के लिहाज) से भवदेव नें दीक्षा लेकर पाली भी, भाई के स्वर्गवास के बाद अपने गांव में आकर नागिला (अपनी पत्नी) की तलाश की। (३) नागिलानें इन की विषयलालसा को जानकर संयम में स्थिर किया। दीक्षा पालकर स्वर्ग गये। (४) शिवकुमार के भवमें साधु को देख तीव्र वैराग्य हुआ। माँ–बापनें दीक्षा न लेने देने से जीवनभर छट्ठ छट्ठ के पारणे आयंबिल किये। (५) देवभवके बाद जंबू कुमार के भव में सुधर्मास्वामी की देशनासे वैराग्य। (६) विवाह हुआ उसी रात को स्वस्त्रियों को उपदेश, वह चोरों नें भी सुना, अपने और स्त्रियों के माता–पिता सहित ५२७ नें दीक्षा ली, और जंबू स्वामी केवलज्ञान पाकर मुक्ति गयें।

# नल दमयंती




## नल दमयंती
### (मुनिपीडा)

(१) पूर्व भव में दमयंतीनें राजा के साथ शिकार को जाते समय साधु को नौकरों-द्वारा पकडवा कर दुःख दिया। (२) बारह घडी बाद तीव्र पश्चात्ताप हुआ, क्षमा माँगी, घर लाकर भक्ति की। (३) जिन प्रतिमाओं को रत्नतिलक लगाने से दम० के भव में जन्म से ही ललाट में प्रकाश-मान कुदरती तिलक हुआ। (४) स्वर्ग के बाद दोनों ग्वाल बने, बरसात से रूके हुये मुनि पर छाता पकडा। (५) बाद दोनों ने दूध बेहराया, दोनों दीक्षित बने। (६) नल निद्रावश दमयंती को जंगल में छोड चला गया। (७) गुफा में शांतिनाथ भग० की दमयंती द्वारा तपपूर्वक पूजा भक्ति। (८) देव बने हुये नल के पितानें सर्प बनकर उसे काटा, नल का रूप पलट गया। पूर्व रूप बनाने वस्त्र-श्रीफल और अलंकार डब्बी दी। (९) दघिपर्ण के साथ नल दमयंती के स्वयंवर में। (१०) सूर्यपाक रसोई से दमयंती को नल की पहचान। (११) नल का पूर्व रूप होना, भीमरथ नें नल को राज दे दिया, जुऐं में कुबेर को जीतकर हारा हुआ अपना भी राज ले लिया। नलदमयंती नें दीक्षा ली, स्वर्ग गये।

आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

# सुदर्शन सेठ



आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

## सुदर्शन सेठ
### (व्रतनिश्चलता)

(१) कपिलानें माया–झूठ से सुदर्शन को अपने घर लाकर विषय भोग करने का कहा, ''मैं (परस्त्री के लिये) नपुंसक हूं'' कह कर सुदर्शन का छूट जाना। (२) दासी मूर्ति के बहाने ध्यानस्थ सुदर्शन को उठा लाई, सुदर्शन की दृढता से आखिर निराश हो कर रानी बलात्कार का ढोंग रचकर चिल्लाती है। (३) ध्यानस्थ सुदर्शन को देहांत दंड। दैवीप्रभाव से सूलि का सिंहासन। राजा से बडा सन्मान, सत्य कथन और कलंक दूर होने से मनोरमा की ध्यान समाप्ति। (४) बरसों तक हर रोज छः पुरुष व १ स्त्री का घातक यक्षावेश में अर्जुनमाली। (५) मारने आने पर भी सुदर्शन के नवकार के स्मरण से यक्ष का निकल जाना, अर्जुन॰ का पाँव पडना, साथ–साथ भगवान के समवसरण में जाना। (६) अर्जुन॰ की दीक्षा, मारे हुओं के संबंधियों ने मारे पीटे, समता से सहते अर्जुन॰ को केवलज्ञान, मुक्ति। सुदर्शन की भी दीक्षा, व्यंतरी बनी हुई रानी के उपसर्ग सहते हुये मुक्ति।

# सेवामूर्ति नंदिषेण




## सेवामूर्ति नंदिषेण
### (श्रमणसेवा)

(१) बदसूरत नंदिषेण के साथ मामाकी ७ में से १ भी लडकी ब्याह नहीं करती। (२) इसलिये आत्महत्या करते उस को, मुनिनें बचाया। (३) दीक्षा ली, आजीवन छट्ठ के पारणे आयंबिल और मुनिसेवा का अभिग्रह। ठीक पारने के समय परीक्षा करने मुनिरूप में देव आयें, फटकार कर ग्लान मुनि की सेवा का कहना। (४) वहाँ गये, बीमार साधुदेव नें भी अति कटु वचन सुनाये। बीमार साधुदेव के मलमूत्र साफ कर उन्हें अपनी पीठपर बैठाये, (५) ग्लान को पीडा न हो इतने धीरे चलने पर भी वे कठोर वचन कहते हैं। पीठ पर टट्टी पिशाब भी की, नंदिषेण को समता है। (६) दोनों साधुओंने देवरुप प्रगट कर क्षमा माँगी, बहुत प्रशंसा की। (७) नंदि० नें अनशन कर स्त्रीवल्लभ बनूं यह नियाणा किया, बाद में स्वर्ग में, वहाँ से कृष्णजी के पिता वसुदेवजी, और क्रमशः मुक्ति।

आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

# श्रेणिकपुत्र नंदिषेण




आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

## श्रेणिकपुत्र नंदिषेण
### (संयमरूचि)

(१) ब्राह्मण भोजन के काम में मजदूरी कर बचा हुआ सब आहार लेनेवाला नंदिषेण का जीव। (२) वह आहार साधुसाध्वियों को बेहराना (३) दीक्षा लेकर विषयविकार वशात् भी व्रतभंग न करते आत्महत्या करना, तब शासन देवी का नंदि० को बचाना (४) वेश्या के घर गोचरी, वहाँ तिनका तोड सुवर्णवृष्टि करना, वेश्या के पकड रखने से १२ साल वेश्या के घर रहे। (५) हर रोज उपदेश देकर १० जनों को दीक्षा दिलवाने की प्रतिज्ञा की। (६) एक दिन नौ नें ली, दसवां न लेने तक उपदेश देते ही रहे। भोजन के लिये बुलानेवाली वेश्या को "दसवां नही लेता है" कहने पर "आज दसवें तुम" यह वेश्या के कहने से नंदि० नें भग० के पास फिर से दीक्षा ली, स्वर्ग गये।

# कलिकाल सर्वज्ञ श्री हेमचंद्राचार्य



आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

## कलिकाल सर्वज्ञ श्री हेमचंद्राचार्य

### (शासनप्रभावना)

(१) जन्म वि. सं.११४५, नाम चांगदेव। दीक्षा ११५४, नाम सोमदेव रखा। वि.सं. ११६६ में आचार्य श्री हेमचंद्र सूरि बने।। (२) पंडितों की सभा में भूल से अमावस के बदले ''आज पूनम है'' कहा। ख्याल आते ही उपाश्रय में ध्यानस्थ हुये, शाम को शासन देवीनें आकाश में चाँद बताया। (३) देवबोधीनें कुमारपाल को शैव बनाने उसकी सात पीढी बताई, तब हेम॰ नें सात पाटपर बैठ १-१ निकलवाया, बेसहारा बैठ व्याख्यान दिया। (४) चौमासे में पाटण के बाहर न जाने की प्रतिज्ञावाले राजा कुमारपाल पर तुर्की बादशाह का हमला, हेम॰ का बाद॰ को मंत्रबल से पलंग सहित उपाश्रय में लाना, कुमा॰ बाद॰ की मित्रता। (५) हेम॰ ताडपत्रों पर सिद्ध हेम व्याकरण आदि कई ग्रंथ लिखवाते है। (६) वि.सं. १२२९ हेम॰ का स्वर्गवास। (७) पट्टधर बनने के लोभी गुरूद्वेषी मुनि बालचंद्र की अजयपाल को ''कुमा॰ प्रतापमल को राज देगा'' ऐसा बहकाकर कुमा॰ को जहर देने की सलाह (८) बाल॰ को पट्टधर बनाने या लोहे की गरम शिला पर सो जाने का अजय॰ का मुनि रामचंद्र को आदेश और राम॰ का गुरू आज्ञानुसार बाल॰ को पट्टधर न बनाते मृत्यु का स्वीकार, स्वर्गगमन।

# परमार्हत् राजा कुमारपाल



## परमार्हत् राजा कुमारपाल
### (जीवदया)

(१) प्रजापीडाकारी नरवीर (कुमारपाल का जीव) को पिता के द्वारा देशनिकाला। (२)जंगल के मुनि को डाँटना, बाद में मुनि के उपदेश से सप्त व्यसन त्याग। (३)अपनी पांच कोडी के फूलों से जिन-पूजा। (४) श्री हेमचंद्राचार्य से श्रावक के १२ व्रत स्वीकार । (५) कुमा० के राज में घोडों को भी पानी छानकर पिलाते थे। (६) घोडे पर भी जीन दुपट्टे से पूंज कर कुमा० बैठते थे। (७) सामायिक में काटते चींटे को मर जाने के डर से खींच कर न निकाला, अपनी चमडी काटकर चींटे को दूर किया । (८)अपने १८ देशों में हिंसा न करने का ढंढेरा । (९) देवी के मांगने पर भी बलि न देने से देवी का प्रकोप, कुमा० को कोढ का रोग, हेम० की कृपा से रोगनाश । (१०) जूं की हिंसा से जिन मंदिर बनवाने का जुर्माना। (११) ताडपत्र की त्रुटि, खरताड (लिखने के लिये अयोग्य) पत्र के वृक्षों की पूजा से वे श्रीताड (लिखने योग्य) बने। (१२) कुमा० को अजय० ने जहर दिया और विषनाशक सीप भी न मिले इसलिये कोषाध्यक्ष को डाँटकर कूंजी ले ली। कुमा० का स्वर्गवास (१३) राजा बनने पर जिन मंदिर तुडवाने के उग्र पाप से अजयपाल और गुरूद्रोह के पाप से बालचंद्र मुनि दुर्गति में गये।

आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

# वज्र स्वामी




## वज्र स्वामी

### (शासन प्रभावना)

(१) सगर्भा पत्नी को छोड कर धनगिरिजी की दीक्षा । (२)जन्मते ही पिता की दीक्षा सुनकर बालक को जातिस्मरण ज्ञान । दीक्षा के लिये छूटने माँ को सताना । (३)माँ का धनगिरिजी मुनिको बालक देना । (४)उपाश्रय में ही साध्वियोंसे ११ अंग आगम ग्रंथ सुन कर कंठस्थ हो गये।(५) वज्रको शांत और आनंद में जानकर माता उसे वापस लेने आती हैं । (६) बालक न मिलने से मामला राजा के आगे। ''बालक को दोनों बुलावे, जिस के पास जाय वह ले ले'' यह निर्णय, धन॰ के पास गया, वज्र॰ को तुरंत दीक्षा। (७) दुर्भिक्ष होने से संघ को पट पर बैठाकर सुभिक्ष स्थान पर आकाश मार्ग से वज्र॰ नें लाया। (८) वहाँ जैनधर्मद्वेषियों के जिनपूजार्थ फूल न मिलने देने से वज्र॰ नें आकाश मार्ग से लाखों पुष्प लाकर जैनशासन की महा प्रभावना की। (९) अपनी मृत्यु नजदीक जानकर रथावर्त पर्वत पर १ महीना वज्र॰ का अनशन और स्वर्गवास।

आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

# रामायण




## रामायण (१)

### (पितृवचनपालन)

(१) कैकेयीने वरमाला दशरथ के गले में डाली अत: सब राजा दशरथ से लडे, दश० की सारथी कैकेयी, दश० की जीत। 'वर माँग' कहने पर 'अवसर पर मागूँगी' यह कैकेयी का जवाब। बाद में भरत को राज्य और राम को वनवास भेजने की माँग। (२) पिता का वचन पालन करवाने राम वनवास! सीताजी, लक्ष्मणजी भी साथ। (३) अयोध्या में वापस आने भरत – कै० की राम को साग्रह बिनती। (४) सीताहरण, जटायु पक्षी का रावण को चंचुप्रहार, तब रावण द्वारा पंखछेद और मृत्यु। (५)छटपटाते मरणासन्न जटायु को देख राम० को सीताहरण का पता। (६)हनुमानजीनें राम० की मुद्रिका लंका में सीताजी को दी, तब सीताजीनें २१ उपवास का पारणा किया। (७) लंका में तोडफोड, रावण का मुकुट तोड, लंका को आग लगाकर हनु० चले गये।

# रामायण



## रामायण (२)
### (अभिमान, तपप्रभाव)

(१) हनुमान नें सीताजी का चूडारत्न राम को दिया। (२) सीताजी को लौटा देने का कहनेवाले बिभीषण का इंद्रजितद्वारा तिरस्कार। (३) बिभीषण राम० के आश्रय में। (४) लक्ष्मणजी और रावण वासुदेव प्रति-वासुदेव का घोर युद्ध। (५) रावण की अमोध विजया शक्ति से लक्ष्मणजी बेहोश। पूर्वभवकी तपस्विनी कुमारिका विशल्या के स्पर्श से ठीक हो जाना। (६) रावण की विद्यासाधना, मंदोदरी की चौकी। रावण की बलात्कार की धमकी से सीताजी को मूर्छा, रावण को पश्चाताप। (७) लक्ष्मणजी के चक्रसे रावण की मृत्यु। धिक्कार है, अभिमान और परस्त्रीलंपटता को। (८) एक हजार राजाओं के साथ भरतजी की दीक्षा और केवल ज्ञान।

# रामायण



## रामायण ( ३ )
### (कीर्तिलालसा, वैराग्य)

(१) दो अष्टापद मृग का सीताजी को स्वप्न और गर्भधारण। (२) मालन को डांटनेवाले माली के वचन सुनकर सीताजी संबंधी अफवाह की वेशांतर में राम॰ को तसल्ली और कपट से सीताजी का त्याग। (३) वज्रजंघ राजा की बिनती से सीताजी का उसके घर जाना, वहाँ लवणांकुश और मदनांकुश इन दो पुत्रों का जन्म। (४) रामलक्ष्मणजी के साथ लडने आये हुए दोनों का नारदजी द्वारा परिचय। (५) सीताजी के महासतीत्व की परीक्षा, दीक्षा, स्वर्ग। (६) सूर्यास्त देखकर वैराग्य होने से हनु॰ की दो पत्नियों और ७५० राजाओं के साथ दीक्षा और मोक्ष। (७) राम॰ की दीक्षा, अवधि ज्ञान, सीतेन्द्र का उपसर्ग। (८) राम मुनि को केवलज्ञान। 'रावण लक्ष्मणजी हाल चौथी नारकी में बाद दोनों तीर्थंकर, तुम रावण के भावी गणधर' यह सीतेंद्र को राम मुनि द्वारा मालूम होना। (९) दोनों को स्वर्ग में लाने सीतेन्द्र का चौथी नारकी में जाना, उठाते ही अपार वेदना और पारे के समान नीचे गिर बिखर जाना।

आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

# कौरव पांडव



आचार्य श्री भुवनभानु सूरीश्वरजी महाराज

## कौरव पांडव
### (जूआ, दीक्षा)

(१) पूर्व भव में द्रौपदी नें मुनि को कडवे जहरी तूंबे का साग बहेराया।(२)परठवने में जीव–हिंसा देख मुनि नें खा लिया, स्वर्ग गये। (३) मुनिहत्या से नरकादि भवभ्रमण। बाद अंगार जैसा शरीर होने से दो पतियों नें छोड दिया। (४) दीक्षा, कडी धूप में आतापना, पांच यारों से सेवा की जाती वेश्या को देख पांच पति का नियाणा। (५) वरमाला द्रौ.नें डाली अर्जुन के गले में, दिखी पांचों के। नारदजी से नियाणे की स्पष्टता। (६)जल मान कर धोती ऊँची पकडने से पांडवोंद्वारा दुर्योधन का उपहास। (७)जूए में पांडव राज्य और द्रौपदी तक हारे, दुर्योधन की जीत।(८) सभा में द्रौपदीवस्त्रहरण। (९) कीचक वध । (१०) युद्धभूमि पर घायल भीष्म को देव के द्वारा दीक्षा समय की सूचना। (११)अविरति होने से नारदजी नें द्रौ॰ से अ–बहुमान। (१२) इसलिये नारदजी नें द्रौ॰ का अमर–कंका में हरण करवाया ।(१३) नौका न भेजने से कृष्णजी का पांडवों पर तीव्र रोष, देशनिकाले का हुकम। (१४) कुंती, द्रौपदी सहित पांडवों की दीक्षा। (१५) उग्र तपसे द्रौपदी स्वर्ग में और बाकी सिद्धचलजी पर मुक्त ।

# श्री कृष्णजी



## भावी १२ वे तीर्थंकर
## श्रीकृष्णजी
### (जैनअजैन मार्ग, विनियोग)

(१) पूर्व जन्म मे सर्पघातक कृष्णजी। (२) दूसरे भवमें सर्पिणीका जीव माता बनकर गंगदत्त (पुत्र कु.के जीव) को गटर में पटकना। (३) गंगदत्त की दीक्षा, सब का प्रेमपात्र बनने का नियाणा, स्वर्ग। (४) बाद देवकी के सातवे गर्भ कृष्णजी। (५) पुत्री केतुमंजरी को दासी या महारानी बनने का पूछना, दासीपना माँगने से जुलाहे के साथ विवाह, घरकाम न करने से मार, पिता से शिकायत, दीक्षा। (६) शराब के नशे में शांब आदि से द्विपायन को मार। द्वीपा० नियाणा कर अग्निकुमार देव बने, द्वारका को जला दी। (७) ''अपना २ यह राज लो और मेरी आज्ञा में रहो'' कहनेवाले भरतजी से ''लडेंगे'' यह कहने आये हुए ९८ पुत्रों को ऋषभ० भ० का कषाय त्याग पूर्वक संपूर्ण अहिंसा का उपदेश और दीक्षा । (८) भगवद्गीता के श्रीकृष्ण का अर्जुन को अपने भाई कौरव, गुरु, मित्रादिके साथ क्षत्रियधर्म पालनरुप कषाय सहित युद्ध (घोर हिंसा) करने का उपदेश न करने से स्वधर्मभरंश, अपकीर्ति और पाप इत्यादि होने का भयानक इशारा। (९) जलती द्वारका। (१०) बलदेवजी की अनुपस्थिति में मृग जानकर छोडे हुए जराकुमार के बाण से कृष्णजी की मृत्यु। (११) बलराम मुनि संयम-तप से बटई आहार-दान के अति भावोल्लास से और हरिण यह सब देख अनुमोदना करते अधकटा पेड गिरने से तीनों की मृत्यु और स्वर्ग-प्राप्ति।

<u>વધારાની વિગતો અને સીડીની કોપી માટે સંપર્ક :</u>

**શ્રી. કુમારપાલ શાહ અથવા શ્રી કલ્પેશ શાહ**

૨૯-૩૦, વાસુપુજ્ય બંગલોજ્, રામદેવ નગર,
ફન રિપબ્લિકના સામે, અહમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ગુજરાત, ઇન્ડિયા, ફોન : ૭૯૧-૭૯-૨૬૮૬૦૫૩૧
ઇમેલ : jainresearchcenter@yahoo.com